॥ શ્રી ગણેશાય નમઃ ॥

શ્રી પરમાત્મને નમઃ ॥

સતી પદ્માવતી.

નાટકનાં ગાયનો.

શ્રી રામ આશ્રિત

સંસાર સુબોધ નાટક,

રચનાર.

पुस्तकनुं ना.

નર્મદાશંકર [illegible] નારાયણજી. પાલોડીઆ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

દ્વિવેદી. હરસુખરામ મગનલાલ.

આ ગ્રંથના સર્વ હક માલીકે સ્વાધીન રાખ્યા છે.

અમદાવાદ જયન્તિ પ્રીન્ટીંગ પ્રેસમાં

દેસાઇભાઇ હીરાચંદે છાપી.

સંવત ૧૯૫૮ સને ૧૯૦૨

કીંમત રૂ. ૦—૨—૦

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

ગ્રંથ સ્વામીત્વના સર્વ હક્ક માલીકે સ્વાધીન રાખ્યા છે.
માટે કોઈએ પરવાંનગી સીવાય છાપવું
ભજવવું નહિ.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૭૫૦ वर्गांक

पुस्तकनुं नाम સતી પદમાવતી / નારદનાં ગાયનો

विषय द - : २ - १

મુખ્ય પાત્રોનાં નામ.

ચંદ્રસીંહ.................................ચંદ્ર નગરનો રાજા

પદમાવતી.................................તેની પુત્રી.

વીમળમતી.......................તેની રાણી પદમાવતીની મા.

રણમલ્લ.................................ચંદ્રસીંહનો ભાઇ

અજીતસીંહ ....ચંદ્રસીંહનો સાળો

બહાદુર.............................એક સુરવીર રજપુત.

સીકંદર.................................દીલ્હીનો બાદસાહ.

રોશનઆરા...............................તેની પુત્રી.

ગજાજી.....................................લુટારો.

ડગાણી...............................વવટલેલ હીંદુ વાણી.

ધાંચજો, ધાંચઝી. કાજી તથા દરબારીયો દાસીયો વારાંગનાઓ વીગેરે—

સતી પદ્મમાવતી

નાટકનાં ગાયનો.

૧

સુત્રધાર—શાંન્તિ શાંન્તિ, સરસ્વતી, દેસુમતી, સારી ધારી ધારી શાંન્તિ
દીવ્ય કાંન્તિ ભરત ભુમી, પતિ મોરારી, તારી પ્યારી.
શ્રી ગણપતિ, ચરણ બાળ, શંકર સુત દેવા,
મંગળ કર સીધી દાતા, માગું ચરણ સેવા;
સંસાર સાગર નાવડી આધાર શ્રી કીરતારનો.
માયા ખરાએ, બ્હાર માગું શામળા સ્વીકારજો, શાંન્તિ.

૨

નટીઓ-જેને શીયળ તણો સંઘાથ સાથ, સંઘાથે ફરે. એ. શ્રી રાંમ.
ન્યારા નવ મૂકે લગાર બ્હાર, કિરતાર કરે, એ.
પવન થકી પણ પાતળીઆ, ગોવરધન, કરપર અધર ધરે.
એ. શ્રી રાંમ.
રજ કણુથી પણ નાજુકડાં, ભૂમંડળ ફરતી બાથ ભરે,
એ શ્રી રાંમ.

મદન તણા એ કામ દેવ તત્તખેવ, વિવિધ રૂપ ધરે; એ શ્રી રાંમ.
રૂપ રંગ રઢીયાળા કાળા, અધિક રૂપાળાં અજબ મણા,
અમુલખ કંચનથી પણ મોંઘા. સોંઘામાં સોંગા તમણા;
એ શ્રી રાંમ.
નવ રસ ભીના, ગીરધારી, સુખકારી, વારી જે તરે સાથ.
સંઘાથ ફરે; એ શ્રી રાંમ.

૩

સાધુ ભગત–પદ મન ચેતી, પકડ તત્વને, પરપોટો જીવ તારો. હો. રાંમ.
ફટક દેહને તરત ફુટસે, ફૂટ ફૂટરે જનમારો, હો. રાંમ.
જ્યારે, જમ કિંકર કર જોસે, ત્યારે પોકે રોસેજી;
જનમી જગમાં જંગ મચાયો, જનુની ઉર નુર ખોસે. હો. રાંમ.
અંધ રહો, અડબીયાં ખાતો, ગોથાં સીદને મારેજી.
ગયો વખત, અણધાર્યો આતો, પડયો નરકમાં ત્યારે હો. રાંમ.

૪

અજાજી મેઘલા. જા જા ત્હારી માના આંટી, ઘોકા પડગે ધંમ.
ઈની ખુનતું મેતું મારૂં, આંઇ આવ્યું તું વ્યંમ;
મેતા— ઠીક છે ઠીક.
કોટવાળ–શું રાખો છો બીક.
અજાજી મેઘા–હેંડયું જાને ખસ પરા કરતું, હાંકી કાઢો કાસ.
બઇબા તારૂં ડેંટ બતજો, જાજો સત્યાનાસ,
એમો ગજબ કીધો, કે ખુણી, વેરો લીધો;

રૈયતને રીબાવી મારે એના થઇએ બાપ.

હે પરભૂ એવા રાજાને, ડહજો કાળો હાપ;

કોટવાલ—ચાલો સૌ દરબાર, આ લુટીશ્યો ઘરબાર,

ગજાજી } જોઇ આ જોડી આપી હામણાં ભોડામાં પડશે બંમ;
મેઘા } જાજા તારી માના માટી, ઘોકા ઘંમ.

૫

ઠગણી—હાંરે કેવું કેવું રશીલુ મહારં રૂપ, યોવન વંન્તીનારી,

અલબેલી આંખલડી ચકચુર, જીવન જર હરનારી;

સાખી.

સમજણુ વીણુજે સુદરી, ખાલી ગોથાં ખાય,

પરણ્યો. પડનો મુકતાં, નવીન પંથ વરતાય;

હાંરે રોયા રોસે, રાવરાવું, નરને નાર, ગણીકા ગુણીયલ ગોરી.

સોનીની બેટી પડી છેટી, પરણી ફોડી ચોરી.

સાખી.

સંતીયો ગઇ સતીયુગમાં સત ગયું સુકાઇ;

સત પણે જો ચાલીયે, કોઇ ન આપે પાઇ,

હાંરે લુટયાં લુટયાં ઘરેણાં ઘરબાર, દરબારી સૌ સાથે.

હવે પાસા પડીયા, પોબાર, આવી, પકડી બાંધી,

સાખી.

જોશી રેખા જોઇને, ખાતો કહેતો જાય;
શુખે શટકે લોકમાં, કોડી નહિ કમાય, ટારે.

કગણી— ૬

મારો જુઓ, આ અલબેલીનો, બહાર, સુંદીર છેલા છળી મરે
જુઓ કેવું ફક્કડ મારૂં ભાગ્ય. ભામિની. ધરે ભુતરળે;
ભમર હલાવી ભ્રકુટી મારૂં, ભલ ભલા ડોલાવુ.
નયન નચાવી નાજુક નખરે, નટખટથી નચાવું.
ચમરબંદાને, શીસ નમાવી, મોટા મોટાએ મતિ ગુમાવીઃ
કગણી ગણીકા થઇ ચાવી, સુંદર છેલા છળી મરે.
નાનકડા ઉપવનના માળી, થાતામાં ઠેકાણે,
અનેક હીંદુ સુરમાં કાજ. એક કર્યા સૌ ભાગે,
ખુન કર્યા મેં છસો સતાવી.
ફોડયા અમલદાર. એ આવી સાવી,
ચટકેથી ચીત્ત હરનારી,— સુદીર.

પદ્માવતી— ૭

સુમતિ લઈ ચાલો, વ્હેની મારી રજની સારી, લાગે પ્યારી
મનહર નારીરે.
સુમતિ લઇ, મ્હાલો, અમૃત સાગર, સુભ સુધા કર, નટવર
નાગર ગીરીવરી પ્યારીથી.

સુમતિ લઇ ચતુર ચંદ્રને, ચતુર ચાંદની, વળગી અળગી નહીં
રહેવાની મહારા;
વીરહ જ્વાળા પ્રગટેલી મેલી. ઠેલી ચેલી થઇ દીવાની પ્યારા
વા...એ. મુરતી સારી. કામણગારી. ધારી ધારી. હૃદય ઉતારી
રે, સુમતિ.

૮

પદમા તથા સખીઓ. } રાસડો.

અમૃત રસ, રામ નામમાં દીઠો. લાગે મીઠો મીઠો રામ.
સાકર સારથી અધિક વખાણ્યો. એવો રસ મેં દીઠો રામ
એરે પ્યાલો મારા રોમે રોમે પ્રગટ્યો કુડી માયાનો કુતારો મટીએ.
પ્યાલો સીર સાટે શ્રી રામ ગુણ નીધાન કરે ગગન ધામ. અમૃત.

સાખી.

ભજને ભુંડા ભાવથી ભવ ભય તારણહાર
જીવ અભાગી ચેતને નાહક કાં મરનાર
એરે પ્યાલો પ્રહલાદે પીધો. સદ્દીનો સાર જેણુ શોધીને લીધો.
કાલ અવીચળ દીધો મોરે રાંમ શ્યામ પોતાનો કીધો સીતારાંમ.

સાખી.

નર નારી ભવ ભુલતાં ભટકે ભવ નીધી માંહ.
ક્યાં મારે મોત નાંયમ દુત પકડે બાહ્ય.

રામજી ઉગારે એને કોણુજ મારે રામજી વીસારે એને કોણુજ તારે
અજા મેળ સમ. અધમ ઉધારે ગજ ગણુકા ભવ તારે.
અકળ ગતી કોઇ પાર ન પામે મહા મુની ધ્યાન ધરાવે રામજી.

સાખી.

ઉચું જોઇ આશા કરે. નીચે શુંશું થાય.
કાળ કસાઇ હાથમાં જીવ બકરી પકડાય.

સંસાર સરોવર સાર સોધી લઇએ સરખી સૈયરો ભેદ ભેદુ
ને કહીએ.

રહીએ દેવોના દેવ આશરે શ્રીરામ કરશે દયાળુ દાન હૈડાના કામ. અમૃત

૯

પદમા—જોને આલી મદ ઘેલી શરમાતી સમજાવે શું સાનમાં.
સખી—મનની મેલીરે છટકેલી બાળા ભર જોબનના તાનમાં,
પદમા—લટપટ કરતી બડબડ બોલે. જારે બકતી શું બેભાનમાં.
સખી—ગોરી મનની ચોરી પકડી તારી ચડી નવીન તોફાનમાં.
પદમા—નાનકડી જયારે જ્યારેક જ્યારેક.
સખી—લાજુ લાડી વારે વારેક વારેક જોનેવ
પદમા—આલીઓ તરણુ બાળા કરે શું ચળેલ ચાળા.
સખી—કરમાં લઇ કુસમ માળા રીઝવ નટવર રૂપાળા.
પદમા—બનાવે સતાવે શાને સમજુ થઇ.
સખી—પીંચોડી પકડી પટ સમજી ગઇ.

પદમા—એ. એ. બોલેસું.
સખી—એ. એ. કેહેસું.
રસીકો મળસે અકળાયે શું થાયે ચાલો રહીને માનમાં. જોને.
પદમા— ૧૦

બહુ ટકો એ નરનારી જેણે શીયળ દીપક સંભાળ્યો તે
અમુલખ દીવો અખંડ રાખે વીરલાં જોડાં સુખીયાં એ
જળચર સારસ અવર પંખીડાં જોડેથી મદમાતાંરે
તેમજ અરસ પરસ પતિ પત્નિ સદા રહે હરખાતાંરે
ધન્ય ધન્ય એ બાનું વીરને અવીચળ અવની પર રહોરે, બહુ
નરનારી ગીરીવર સીર પરધર સુર સાગર કર ઓળખશે
મંગળ મન તન ધનમાં લાવે જન રંજન રસમાં મળસે.
દુનીયામાં દંપત્તી દીપતાં ટેય નેકથી પાળ્યાં જે બહુ
કગણી— ૧૧

વિશ્વ માંહે એક પોપટ પ્યારો. પારખી પ્રમદા પ્રીત વાધરો.
પાસે રાખી સંસાર સુધારો મલપતી મનમાંહે વીચારો
બોલે કાલું કાલુંરે સૌને લાગે બ્હાલું બ્હાલુંરે.
પ્રેમ બારાખડી પેલી પડાવો આનંદ હરખી લઈલો લાવો.
કંચન પીંજરમાં વસનારો. મણી માણેક ચારો ચરનારો. બોલે.
કાંન્તિ શુશોભીત શુ કર તારો નવીન મેંના લઇ ફરનારો. બોલે.
પદમા— ૧૨

તારનાર જગદાધાર મારનાર એ તારનાર.
જારે—જારે—જારે—જારે—જારે.
કગણી—સુખી થારે—સુખી થારે—તારનાર

અળીયાને આપાજી કીધે નાનમ સેની થાય.
ગંગાજી તો ઘેર પધાર્યાં મોઢુ ધોવા જાય

પદ્મા—વિધાતું શું વર્ણન કરતી નારી ઓ ચંડાળ,
ભરતખંડની સતી ભામનીનો શુરવીર રખવાળ.
જારે—જારે—જારે—જારે—તારનાર

અજીત ૧૩

જીવને શ્વાસ તણી સપાઇ જગનો જુઠાની ભવાઇ
જુઠું બોલે એ હોય જગતમાં જુઠ સંસારમાં જુઠ.
જુઠ જુઠે જુઠ જેવું તુત તુને તુત એનો જોઇને મારવી મુંઠ જીવને૦
સાચું સંસારમાં કંઇ પણ નથી સાચ પર મોટી તવાઇ
માઇ બાઇ ભાઈ પીતરાઇ, એ સગાઇ પાઈ પાઇની કમાઇ
જાય ખાઈ જીવને,

દાસીઓ— ૧૪

આવીશું ઉદાસી, બોલો, બોલો આતે શું થયું;
આમુખ ચીન્તામણી, શુંરે હાથથી ગયું.
ભૂપતિની રાણી, શાને ખચકાણી,
ગુણીયલ દ્રષ્ટી ગંગાજળ હળાહળ વહ્યું;
શરીર કતુનો રંગ ભંગશું કહેવાય કહ્યું.
કહેને દુખ કાણી, શાને અકળાણી,
મેલ મુકી, કહો મન માંહે શું ગુંચાઇ રહ્યું આવી

બહાદુર— ૧૫

અવનીમાં અકળાણીરે, ઓ અંતરયામી,
ભરત ભુમીંમાં ભીડ પડી જગતનીભીડ ભાગો સ્વામી;

બીક ધનથી ચીત જડીયું એને, તરૂવર ફળીયું.
એ પ્રાણી મહા બળીયું, જેને અભય, પદ મળીયું,
તે કોનાથી ડરશે. કેશરી, સીંહજ બચ્ચો;
મ્હાલે મસ્ત બની, બન બન જેવો પંઝો સચ્ચો.
ધરણીમાં ધીરજ ધરીને ધરણીધર ભજતો,
પ્રલ્હાદ પાલણકણ આ બાળક નવ તજતો;

પદમા.— ૧૬

સમય વાદળે ઘેરીયો અગન કર્યું ઘનઘોર,
સ્યામ વારી બીંદુ નહિ નાહક બોલે મોર;

બહાદુર.— ૧૭

દશામાં ફસાયા જુઓ સર્વ પ્રાણી,
દશાએ થતી સર્વેની ધુળ ધાણી.
અહો ઇશ ચીંન્તા મણી કયાં છુપાયો,
બન્યો અંધ હું મંદ તું કયાં ભરાયો;
મહા પાપીઆ પ્રાણીઓ છેજ તારો.
દીના નાથજી બાળનેરે, ઉગારો ઉગારો,
પીતા પાળજે શીરના છત્ર મારા;
ચીરંજીવીનો પત્ર લે હીસ તારા.

પદમા— ૧૮

મુઝાણી મધ્ય દરીયે ઘેરાણી, શામળીઆ તું ધણીરે,
આશરો અવર નથી અકરાણી, શામળીઆ તું ધણીરે;
ભવનીધી નૌકા નારીને, તારો સરજણ હાર.
પવન, સપાટે ડોલતી, બ્હાર તારી કીરતાર,

હૃદયના ભેદુજજો ઝટ જાણી શામળીઆ તું ધણીરે;
જાળવજો દીલ દરીયાના દાણી શામળીઆ તું ધણીરે.
ભર જંગલ, હરણી ભમે, બેલી આતમરામ.
સાચ સંબંધી પ્રેમની દેખાડોને ધામ.
ઉપર આભ નીચે, દેખાતી ધરણી
ઉગારે પરભવ નડતી કરણી. શામળીઆ તું.

૧૯

પદમા—મારા યોવન તણા શૃંગાર વ્હાર કરસેરે.
એનો સાપ્યો હૃદય વિશ્વાસ ગજેંદ્ર કાંહું ગળસેરે,
દીના નાથની સંગાથ, ભીડી બાથ નારી તરસેરે;
મણી બંધ ભીડ ભંજન દઇ સાથે ફરશેરે.
બહાદુર—પ્રેમમાં ડુબેલ દોરી, ધોરી ઝાલશેરે,
ભામિનીતું ભાગ્ય ભરત ભુમી. જાગશેરે.
પદમા.—ગીરધર મોરારી મ્હારી, અરજ સારશેએ,
સતી મીરાં શીરોમણી, નોસાર સારશે;
પાપી જખ મારશે, બાળા ઝટ તારસે. મ્હારા.

૨૦.

પદમા—ઉરમાં વરશી, અમૃત ધારા પ્રીત્તમ પામી,
વળગી, વનીતા વેલી વૃક્ષેદુગ્ધા વામી;
બહાદુર—મનહર, મુગ્ધા માનુની, મંગળ મય ભરપુર.
શીર સાટે ડર મુકીને થાંપણુ લીધી ઉર.
પદમા—મોંઘા લલનાના શ્રૃંગારી, જાઉવારી;
ધીરવીર ધર્મ ધુરંધર, ધોરી શરણે નારી.

પ્રીતીમાળા પ્રેમથી. પ્હેરાવું મગનાથ,
સતી પતિ વ્રત, પદ્મણી, શીયર, સત્ય સંગાથ;
સમરો શ્રી ગણુપત શુભ શુકન થાય છે, સ્વામી.
ચાલો આનંદ માંહે, મ્હેલે ઉરમાં

૨૧.

પદ્મા—અબળના પ્રબળઐલી, મોહન નવ જાશો મેલી,
સ્યામ, સુંદીરની, ચેલી, ભુતળ ભુલી પડેલી;
પટાવી નારી, પ્રેમ કુવે ઉતારી.
વરત ઉગારી. વીશ્વવાસ લેજ્યો ધારી,
શીતળ છાંયે ઉગેલી. ભાગ્યો દયે લાગેલી;
વૃક્ષે વીંટલી વેલી અળગી, શી રહે શેઠેલી,
બહાદર—પધારી પાવન, કરો પ્રાણ પ્યારી.
રમણી રસીલી, રસીક વરની નારી,
પદ્મા—બની હું ગાંડી ઘેલી, અલબેલાની અલબેલી;
યોવન ઉપવન લ્યો, એલીઉપાધીને સંકેલી. અળગા

૨૨

ઠાકોર— આજતો હક ન ફર્યો હક ન ફર્યો
નાણે પરણુ મળ્યા, પરણુ મળ્યા;
ચોડા પૈહાની લાબહી. કરહું.
અપહરા જેવી બાયડી પયણહું,
ઉપડો—ઉપડો—ઉપડો
લાડવા કરહું ગળ્યાં. આજતો,
આંબા માતા, એક દીકરો આપહે

બાપા કહી જખમારી, બોલ વહે;

ઉપડો—ઉપડો—ઉપડો આજતો.

કંચનીઓ— ૨૩

શરવર, બરતર અખતર, અનવર, શીરકે તાજ હોરે,
તો પર હરદમ, જાએ કમતર એ કુરબાન;
શારે આલા, વાલા, બાલા, ગરીબ નવાજ હોરે.
સુખદાતા તુંમ સબનકે, સરવરહો સુલતાન,
બના રહે તુમ પરસદા, સાયાઓ સુબહાન;
ઇજત હુરમત, દોલત અફ્‌જું હોવે આપકીરે.
રેવે દુઃસ્મનનેરે, ડગડગ મોહોતાજ શાહે.

કંચનીઓ— ૨૪.

એએએએએએ મોરે હરદમ શરપર તુમ રખવારી સરદારી તુજ પર વારી વારી,
હરદમ પ્યારે, રાજ દુલારે, કાયમ રહો સરદારી, તુમ પર વારી વારી;
એએએ

અંક બીજો.

મેધા. }
ગાજી } ૨૫
કળજક આવ્યોરે હું કરીએ રામ
પરભુનુંતો નામ લઇને, મનખા દેહી તરીએ, ભાઈ. ભાઇ.
રાંમ નાંમનું કાંમજ કરીએ, પછે કનાથી ડરીએ, કળજક.

આગ્રા અવતાર વહી ગયા, તાણે મનખાદે હે ફરીયે;
મરવું હાચું, બીજું કાચું, રાંગજી રૂદેમાં ધરીએ. કળજક.

૨૫

ઠગણી-હુશીયાર રહેજો. ખબડદાર, રહેજો કે નગરી આવે છે,
બહાદુર બંકા કરો, વીજય ડંકાક, માલ મળશે. ભરપુર.
દીલ્લી દરબારનો જય બોલીને, હાખવો નુર ઉર શુર, હુંશીયાર.
એરે રંડાનો ચોટલો પકડી, ઝકડી લેજો જરૂર;
હડીલા રાજાની માગ્રા મુકાવવા. શમસેર કરજો પુર. હુંશીયાર.
ચાકર મટીને ઠાકર થવાની, ઈચ્છા જો મન થાય,
બીક દે નાંખી હીંમત રાખી, આગળ સૌની થાય; હુંશીયાર.

૨૭

ચંચળ-ભણી ગણીને સાર શો લઇએ,
સ્વામી સમાગમે, સુખી થઇએ ભણી;
સાચું અમુલ્ય મણી, શીયળ સતીનું,
પ્રીતે પ્હેલું વ્રત પાળીએ પતિનું;
દીલ ભરથારને દઇએ, ભણી.

અવલ—હોય ભણેલી, પણ ન ગણેલી.
ઉયા ફુટા નચાવીએ હાથેલી; હોય.
નીત્ય નીત્ય નવી નવી પ્રીતો કરીએ.
જર જીવન જુગતીથી હરીએ;
આબરૂ ઇજતથી ન ડરીયે. હોય.

૨૮

ભગો.—કંઠી લઇને વંઠી જાય લુચ્ચી આતે શું કહેવાય;

ભાઇઓ કેવો આ અન્યાય, આતો છેદ ફજેતી થાય.
લાવો મારા નાણું

જેઠા.—વહી ગયાં એટાણું, કંઠી

અવલ—જાને બુડથલ બધુચક નહીંતો થઇ જવાનો છક;
મુકી ચાલશે જ્યારે જક ઘેરે જઇ કુટાવે તેમ બક.
મુરખથી ઘરબાર એનો ફોગટ છે અવતાર કંડી

૨૯

અવલ—આરે બાળાના રૂપાળાજી છોગાળા લટકાળા શાણા પ્રીતમજી
અજીત—વ્હારે તારા ચાળા આજે બાળ્યા મરમાળા વાળા.
અવલ—શાણા પ્રીતમજી.
બંને—જોડલું અવીચળ રાખશે શ્રી હરી.
અવલ—ભાવથી મન ગમતો વર હું વરી.
અજીત—વાહરે તારી કાલી કાલી વાણી.
અવલ—લોભાણી.
અજીત—વ્હારે મારી નાનકડી રાણી પટરાણી.
અવલ—આરે બાળા

પદમા— ૩૦

આવો રસીક મનોહર મંગળ મુરતી ભાવેરે
વીવળ વ્યંગ ભરેલી, વાણી મન હરખાવેરે.
તનડું તણખ તણખ પીયું દરશન વીણ નીત્ય થાયેરે.
આણો મન અમર્તું સુખ મોહન જીવન જાયેરે
નટખટ નેહ ભરેલા નયણે હું લોભાણીરે.

તરશી તરૂણુ વેલી માગે અમૃત પાણીરે.
ચાલો ચન્દ્ર તણી રજની દીપાવો સાથમાંરે
જડવું નંગ ન વેઢા વીંટી નાથજી હાથમાંરે.

પદ્મા— 31

હો આજે સોનાના સુરજ ઉગ્યા હો રંગ ભીના
મ્હારા મદન મોહન મદ ઘેલારે રેરે નગીના
મીઠુ મીઠુ મહીડુ ચાખોને પ્રીતમજી.
સાટામાં અધરામૃત દયોને વાલમજી
ભોગવે ભોગ નવીન રંગે. દાસી મગન મગન છે તુમ સંગ
કદી વીસારશો નહીં આરે, પ્રેમની બિના; હો આજે,

32

પદ્મા—મારા તન મનની સરદારી, લેજો સ્યામ સલુણા ધારી;
વળગી વીશ્વાસે હું નારી, લેજો આફતથી ઉગારી.
મધ્ય દરીયે મૂકી નાવડી, ઓ આતમ રામે,
અંતર ભેદુના, આશરે, ઝટ લેજો જાણી;
હમે નીડર રહીએ, અવર શું કહીએ.
જાળવજો, જગપતી, સરણાંગત સની, મારા.

33

ઠગણી—ભાર શા છે ભમાવું ત્રીભૂવનને,
તડાકાથી નચાવું સહુ મનને;
નામ નહિં ઠામ નહિ, ગામ નહિ. ભારશા છે.
ભડકાથી કરૂં છું સર ગામને,

સડાકાથી હરૂ સોના દામને.
નામ નહિ. ઠામ નહિ, ગામ નહિ, બારશા ૭.
સાચી રાખી, ફરૂં એક હામને,
ધન્ય ધન્ય, આ ઠગણીના નામને;
નામ નહિ, ઠામ નહિ, ગામ નહિ. બારશા ૭

૩૪

પદમા -રઢીઆરો રઘુવીર ઉદ્ધાર કરે શુરવીર;
ચીંતા એને રહી, રઢીઆરો.
સતીઓનો બેલી માયા લે સંકેલી,
તાએ જેને મહી, રઢીઆરો.
શીયળ સજે નર નારી જે દીપે દંપતી દેહ;
વ્યભીચારી નરનારીથી, કોઈ ન કરશો નેહ,
શાણું સીતા શ્યામને વળગ્યુ જે નામને;
રક્ષા વાંસે ફરે, રઢીઆરો. રઢીઆરો.
નીજ કર્મો દુશ્મન થઇ એ સતાવે કાય;
મન શત્રુ મન કામના, કોની કળી ન જાય.
પ્યારા ઘનશ્યામજી, સંભારો શ્રી રામજી
રજની થોડી રહી; રઢીઆરો,

૩૫

કથનીઓ—રામ મોરે મેંતોરે, રામ મોરે મેંતોરે;
શ્રી રામ રામ, શ્રી રામ રામ, શ્રી રામ રામ,
છકાક છકક;...

૩૬

બધાં—ધ્યાન ધરો, ધરણી ધણી, રટણ, રટો ચીંતામણી.
ગણો નીશદીન, મગન મગન, બાંધોરે ધરો ગગન, ગગન.
મંન ભોમી ખેડી કરી, ક્ષત્રી બીજમાંહે ધરી.
ધરમ ફળ લઇએ લણી. ધ્યાન.

૩૭

દરબારીઓ—ન્હારે જુઓ, નાદાનો કેરા ઢંગ વારે,
મંડપ માંહે શોભા આપે કેતું અંગ આરે
હરીએ નહીં ના મરદાનો સંગ આરે;
મરીએ વણમોતે થાયે જો ફસંગરે.
ધીક ધીક જનુનીને કૂખે પડ્યા પાણા,
ઠગાણા ઠગાણા દુરાચારીથી લોભાણા.
નીર્લજ નીચ નષ્ટ, ફટ જાઓ શાણારે;
ચૂપ ચૂપ કીથી ઘેરે, જોઓ શાણારે. ધીક ધીક.

૩૮

અવલ—પ્રાણ પતી પ્યારા, ચાલોને છોગાળા,
અજીત—ન્હારે તારા ચાળા, કેવા લટકાળા.
અવલ—લાગો છોરે કાંક જાદુ શીખેલા ઝટ વશ કીધી નાર;
અજીત—વાહ. વાહ.
નથી ભણેલા અમે ગણેલા પણ સો છે નગનાર.
અવલ—વાહના, રશીક વર મારા, જોઈ વરીદારા;
અજીત—સુધારો સુધારા, અમેતો તમારા,

અવલ—લ્યો તાળી.

અજીત—પ્રેમે વાળી વાહ. વાહ. વાહ. પ્રાણપતી.

૩૯

અવલ—કારતકે કંથ ગયા મેલી છાના માના ખેલ ગયા. ખેલી.
જોબનની ૫ળી ભૂત થઈ વેલી. કારતકે.

૪૦

બન્ને—મ્હારા નાથ નગીનારે (૨) હું છું દાસી સદાની.
દીલડું અરપણ તમનેરે, પ્રેમે પ્યારી, રહેવાની;
વા રઢીઆળા, શરણે બાળા.
અરે વાહ. વાહ. વાહ. મારા નાથ;
રમણી રસીલી, લ્યો ગણી, છબીલી.
અરે વાહ. વાહ. વાહ. મારા નાથ.

૪૧

બગો—ઓ બાયડી. ઓ બાયડી, શું થઇ ગઈ વાલી બાયડી.
નારી નજરે કોઈ બતાવે, નેન કાઢી હું આપું;
હાથ વતી જો પ્યારી બતાવે; હાથ કહેતો કાપું. ૧
આંખ મીંચું તો આગળ આવે, લટકાળી ચટકાળી;
કેજ્યો સાચું મ્હારા સોગન, બાયડી મ્હારી બાળી. ૨
સપ્નામાં પણ, સામી દેખું; જાણે વાતો કરતી,
પક્કડ આ. અક્કડની નારી દીલનું દુખડું હરતી. ૩

૪૨

નાયકાઓ—હોજી છેલા પીઓને દારૂડી.
નવરસ ભીના નાથ નગીના; હોજી.

રંગીલા રસીલા, સડ છેલડી;
રસકસ, લીજીએ મળી અલબેલડી. હોજી.
પ્રીતી પ્યાલો, પ્રેમથીરે પીઓ પ્રાણાધાર,
ગુણના દરીઆ, છો શામળીઆ, કામદેવ અવતાર; હોજી.

૪૩

બાદશાહ—ઓરત મક્કા. અયે. દીલદારગે હરગીસ ન છોડું.
રેમકા ઈતબાર, નાઝનીરકા મગરૂર, તોડું;
અયે મેરે દીલજાની, માશુક મન માની. ઓરત.
ઠગણી—તાજુબ શરકે તાજ. મોરે. કયા કરૂં મેં બાની.
બાદ—સરકીઓંમેં સબકુ મગર, છકેલી દીવાનીની; ઓરત

૪૪

રેસન—મોલા, તોરી હરકત, કુદરત ન્યારી,
પ્યારે બીન. તન, ગુલશનકી ખ્વારી. મોલા.
ચેન પડે નહીં, પીયુ બીન પ્યારે;
કયારે ઢુંઢું મોરે, રાજદુલારે.
નેકી પ્રેમ પરવારી, મોલા તોરી હરકત;

૪૫

બાદશાહ } શુરે મેરે સરદારો, બ્હાદુર, કસો તલવારો.
લશ્કર- } રખ્ખો ઝડપ હથીઆરો, તોબા દુશ્મન કરમારો.
પાગલં, રહેગા પીછે, ગાફીલ, ન હોઓ કીસે.
કાફર કું, ઝટ દબાના, હો જાના પેહેલા થાના,
બીરેશ શોર મચાના, સુતા સરપ જગાના;

દુશ્મનોકુ ઠાર મારકે, પકડો વો દીલદાર, યાર.
સબકુ પકડ ઝકડકે લેના, તબ સબકા પોબાર; યાર   શૂરે.

અંક ત્રીજો.

૪૬

ગજાજી મખલે: } રાંમજીનું હમેશી દઇએ નાંગજો.
હથી પછેં ડરીએ, હાચો રાંમ, બાપો રાંમ.
મ્હાલો મારો પરણુડો પરણ્યો રાગ.
બાધરમાં જે આવે ઝાલું આંમ બાપો રાંમ,
હેચેલી પાપડીઓ ફોલી ફોલીને ખવરાવું રાંમ.
રા, ગુદાં, જાંબુ બોર હોંવી લાવું બાપો રાંમ, રાંમજી,

રોશન— ૪૭

ચાલો, ચાલો, ચાલો, ચાલો. મ્હારા છેલડા,
મ્હાલો, મ્હાલો, આ ગોવનની બહાર, મુકી મન મેલડા;
મ્હારા પ્રાણથી, પ્યારા પ્રીતમજી.
થાશો નહી ન્યારા વાલમજી.

બેટી બેટી બેટી, છેટી પડી સાહથી,
ફુલો બેટી સલુણા, સાહબાને, વારી અલબેલડા, સાહેબ,

સાહમા— ૪૮

આ તન મનનો શુરો બેલી, દેખું છું ચોખ્ખસ જોને,
છાનો માનો રહે છુપાતો, જ્યાં જુઓ, ત્યાં ખાસ જોને
જેને એની લગની લાગી, એને શાની, ઉપાધી જોને;
ન ધણીઆતાં જે નરનારી, તેને વળગે વ્યાધી જોને;
ધણી ધુરંધર, રઘુવીર, સુંદીર, રક્ષાવન મોઝાર જોને;
શુરાનું શરણાંગત સાચું, કાચું નહિ પોબાર જોને,
મીરાં સતીએ માયા મુકી, ત્યારે રાણો રૂઠયો જોને,
સમર્થ ધણી આપું શીર સાટે, જેનો જગપતી તૃઠયો જોને;

ધાહમા— ૪૯

કાકાજી આ કોની પુત્રી ક્યાંથી લાવ્યા આરે;
બોલોને આ કોની, બેટી શાંણી લાગે વારે;
ઝેરના વેલાનું અમર ફળ, સફળ થયું પાપી પાસેથી છુટયો.
જીવતદાનનું ભાન આપ્યું, એણે મનેતો લાગ્યું કાળજ ખુટયો,

રોશન.—તન મન ધન મોડું વેલું જાએ.
પોતે સુખી, પરદુખ ન જોવાએ, **કાકાજી.**

ડગણી.—ધીક્કારો, આ નીચ નારી ત્રાય ત્રાય થાએ,
ઉગારો આ દુરાચારી, લાય અંગે ધાએ,

કાકાજી— રાંમ રાંમ વના કાંમ બીજુ કરે, પોલે પોલે મારો ઓળખે છે
પગલે પગલે રામ રાંમ બોલે, આ તારા ભાને પારખે છે,

પદ્મા.—વિજા થાશે ચાલો સઉ હારે;
મળી મનેતો, એનપઝુી ભણી ગણી વારે, કાકાજી

રાણી.— ૫૦

જગતપની હવે હાથ શું કરૂં
પતી વીયોગણી, કયાં જઈ ફરૂં;
જીવને તજુ. ધરમને ભજું.
નથીરે સુજતું શું હવે સજું

રાણી.— ૫૧

મળ્યો ભાઈ ચંડાળ, તોડાવી પ્રીતી.
રૂઠ્યાનાથ, સંગાથથી, આવી બીતી,
દીનાનાથ આ નીચ નારી ઉગારો;
પીલાતી, પીડાતી, આ પાપી બચાવો.

રાણી.— ૫૨.

દીલને દોરનારા, દીલ ડુબાવશોમાં.
મારાં ઘોર કરેલાં પાતક મનમાં લાવશોમાં;
વીશ્વાસે વળગી રહી, અળગી ના કરો નાથ.
આતમએલી રામજી ભેટાડો પતિ સાથ.
મધ્ય દરીયે નારી નૌકા અધવચ ડુબાવશોમાં.
મારી માગું પ્રીતમની ત્યારે બચાવશોમાં. દીલને.

રોસન— ૫૩

સતી જે પતિવ્રત પાળશેરે.
તાંહારે સંસાર સુધરશેરે.

ભતીંગતી મહાવીર આપશેરે.
હાંહાંરે નીચ કરણીથી ડરશે.
અનંની સાગર ઝટપટ તરશે.
મધ્ય દરીયામાં મોતી ચરશે.

જમા— શીયળ સજે શાણી સુંદરીરે.
હાંહાંરે અતિ આંનંદ થાશે
અમર આભુષણ ઓપતુંરે.
હાંહાંરે એને જગપતિ વ્હાશે.

સઘળા— ૫૪

જય જય કરી હરહર વરી ભરત ભુમી કાજ.
સમયતા ધરી ધરમથી ડરી શીર સાટે ધરો લાજ.
પાપીના કૃત્યનુ ઝેર હળાહળ
રોમે રોમે ઓ વ્યાપ્યું ગળાગળ
કરોને પ્રલેકાર પોકરાવો પોકાર જયજય કરી

અવલ— ૫૫

વ્હાલા મારા લટકે ચટકેથી પધારો.
આ અલલબેલીને તારોરે પામર જાણી.
પ્યારીદારા પ્યારીદારા સાથ સંગાથ સુધારો.
મને આંખલડી ના મારો દીલના દાણી

અજીત— અવવવવ

અરલ— પ્હેરો મોતીહાર, ગજરા સાથે
આનંદ આજે બીડીએ બાથે

બોજમ કરીએ સંગાથેરે મોજ લ્યો માણી,

અજીત—અવવવવ

અવલ—વાવારે કેવા આળા ભરેલા મરમાળા

બીવરાવો શાને બાળા ઓ કામણગારા

મારા લટકાળા છોગાળારે પામર જાણી,

અજીત— અવવવ

અવલ— ૫૬

અરર ઓય મા મરી ગઈ બાપ

પુરવ જનમનાં નડીયાં પાપ

લુચ્ચે ઠગારે મ્હારી મને ખાપ

લાગ્યો ભવોભવ આરે સંતાપ

અજીત— અવવવવ—અરરર

અવલ— પરણ્યા ધણીના નીસાસા લાગ્યા તેના ભોગ આ લાગ્યા

નાત જાત બ્હેનપણી કોઈ નહી તજશો હાથે કર્યા હૈડે વાગ્યાં

અજીત— અવવવ-અરરર

૫૭

શાહ—પ્યારી બોલો (૨) છીત છીત નખરેથી

દીલ બોલો (૨) હળવેથી પ્યારી

બોલો પ્રીતમની પ્યારી ઓ કામણગારી નારી

રોશન—તમે નડશોમાં મને અડશોમાં લડથડશોમાં પ્યારી

શાહ—દીલદારી દીલદારી બાંધો હરખીને

આ આશક જોઇ લ્યો પરખીને

માશુક મતવાલી મ્હારી

તુજ પ્રેમ તણો આભારી

રોશન—તમે નડશોમાં મને અડશોમાં લડગડશોમાં   પ્યારી

૫૮

ચંદ્રસીંહ—ત્હારી ગતિને તું લે સુધારી

ભુધર ભવથી લેજ્યો ઉગારી   ત્હારી

ભવ જંગલમાં ભટકી થાકયો

ધર્મ ટેક અમૃત રસ ચાખ્યો

પાપી કાયને લેજે ઉદ્ધારી ત્હારી;

૫૯

ચંદ્ર—જે શુદ્ધ મનનો સાર કહેવો શંખણીને ના ઘટે

વળી દુષ્ટનો વ્હેવાર ઓછી આપદા નાહી કટે

બહાદુર—મન હાથી તન અંકુશ મ્હાવત મહીપતી બીરાજીઆ

ગજ સાગરે ઝુલાવનારા તારનારા તકીઆ

જળ જગ જગત ઝુંડ વ્હેવાર પકડયો સાંભળો પોકાર

હે કીરતાર આવી આળ ધાજ્યોરે હવે સરદાર

૬૦

ભગો—કેવી મજા પડીઓ બાયડી મારી પ્યારી

હવે ચાલો આપણે ઘેર બંદાની નારી

અવલ—અતિ સુખ આપુ મમ ઇશ પ્રીતમજી પ્યારા

વનીતા વળગી પ્રીતમને પ્રેમે દારા.

ભગો—બોલો રાંમ ચંદરનું વકી જય—કેવી મજા

સખળા — ૬૧

શકર સમયે અભય વચન દે પરમારથ માટે
લાલચને અધવચ લટકાવે શીશ મુકે વાટે
ધન્ય એ શુરા પરાક્રમી પુરા
ધર્મ શ્રાંગ ધરણી પર ધરીઓ રઘુપતી રણધીર વીર
લંકાગતી સતી સીતા માટે રોળ્યો રામ શુરવીર
ફળા સઉ તેની જય બોલો એની
સતી સતીઆની રક્ષા કરતો ટેક શીર સાટે   શંકર
બોલો રામ ચંદ્રણુ દેવકી જય

સમાપ્ત.

જાહેર ખબર.

સર્વે સાહેબલોકોને ખબર આપવામાં આવે છે કે અમારો રસીક ભરેલો ખેલ બહાર પાડવામાં આવ્યો છે. થોડા દીવસ પછી અમારો નવો ખેલ બાહાર પાડવામાં આવ માટે જેઓ સાહેબોને આ ગ્રંથ મંગાવવા જરૂર પડેગો વે પેબલથી અમારા મુકામેથી મોકલવામાં આવશે નાટપેટ ત્ર લેવામાં આવશે નહી.

દ્વીવેદી દલસુખરામ મગનલાલ.

માલીક. ઠે. ચંપોળ પાડા પોળના

અમદાવાદ.

આ બુકના કમીશન એજંટ ભટ. મુલશંકર દલપતરામ છે માટે તેમની પાસેથી મંગાવસો તો પણ મળી સકશે તેમનુ ઠે.

અમદાવાદ ચંગ પોળમાં પાડા પોળમાં